NHSRCL
National High Speed Rail Corporation Ltd.

**Navbharat, Mumbai, 06/08/2026**

Page No: 4, Size: 11.67cm × 12.67cm

# वडोदरा बुलेट ट्रेन स्टेशन ने पकड़ी रफ्तार

## बरगद के पेड़ से प्रेरित होगा स्टेशन डिजाइन

■ **मुंबई, नवभारत न्यूज नेटवर्क.** मुंबई-अहमदाबाद हाई-स्पीड रेल परियोजना के तहत वडोदरा बुलेट ट्रेन स्टेशन का निर्माण तेजी से अंतिम चरण में पहुंच गया है. स्टेशन के कॉनकोर्स, ट्रैक और प्लेटफॉर्म स्तर की स्लैब कास्टिंग का काम पूरा हो चुका है, जबकि फिलहाल स्ट्रक्चरल स्टील इंस्टॉलेशन का कार्य तेजी से जारी है. निर्माण में आई इस प्रगति से परियोजना को बड़ा बल मिला है। यह स्टेशन भारतीय रेलवे के वडोदरा स्टेशन के प्लेटफॉर्म नंबर-7 पर विकसित किया जा रहा है. इसके कारण यात्रियों को भारतीय रेलवे, बुलेट ट्रेन और शहर व अंतरराज्यीय बस टर्मिनल के बीच निर्बाध और आसान कनेक्टिविटी मिलेगी. दोनों स्टेशनों के बीच आवागमन के लिए अलग व्यवस्था की जा रही है, जिससे यात्रियों का समय बचेगा और यात्रा अधिक सुविधाजनक होगीण

NHSRCL
National High Speed Rail Corporation Ltd.

**Gujarat Samachar, Vadodara, 05/08/2026**

Page No: 2, Size: 19.34cm × 26.80cm

**Construction work of new Bullet Train station near Vadodara station**

# વડોદરા સ્ટેશન નજીક જ બુલેટ ટ્રેનના નવા સ્ટેશનનું નિર્માણ કાર્ય

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,મંગળવાર

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટ હેઠળ વડોદરામાં નિર્માણાધિન બુલેટ ટ્રેન સ્ટેશન ઝડપથી આકાર લઈ રહ્યું છે. વડોદરા સ્ટેશનની નજીક પંડ્યા બ્રિજ પાસે બની રહેલું આ સ્ટેશન હાલના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૭ ઉપર વિકસાવવામાં આવી રહ્યું છે. જેના કારણે મુસાફરોને અને બુલેટ ટ્રેન વચ્ચે સરળ ઈન્ટરચેન્જની સુવિધા મળશે.

## શહેરની ઓળખ સમા વડના વૃક્ષ અને તેના પાંદડાની પ્રતિકૃતિ જેવી ડિઝાઈન

બુલેટ ટ્રેન સ્ટેશનનું સ્થાન જૂના રેલવે સ્ટેશન તેમજ શહેર વિસ્તાર અને મુખ્ય બસ ડેપો સાથે ઉત્તમ મલ્ટીમોડલ કનેક્ટિવિટી ધરાવતું હોવાથી મુસાફરોને વિવિધ પરિવહન સેવાઓના સ્થળ વચ્ચે સરળતાથી અવરજવર કરી શકાશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વડોદરા હાઈસ્પીડ રેલ નેટવર્કના મહત્વના કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

સ્ટેશનની ડિઝાઈન શહેરની ઓળખ સમાન વડ (વટવૃક્ષ)ના વૃક્ષ અને તેના પાંદડાઓમાંથી પ્રેરણા લઈને તૈયાર કરવામાં આવી છે. આધુનિક અને પર્યાવરણને અનુકૂળ ડિઝાઈન સ્ટેશનને વિશિષ્ટ ઓળખ આપશે.

મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને સ્ટેશનમાં વિશાળ પ્રતીક્ષાલય, શિશુ સંભાળ કક્ષ (બેબીકેર રૂમ), આરામદાયક રેસ્ટ રૂમ, રિટેલ આઉટલેટ્સ સહિત સંખ્યાબંધ અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત કાર, બસ અને ઓટો માટે અલગ પાર્કિંગ વિસ્તાર તેમજ પિક-અપ અને ડ્રોપ-ઓફની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

નિર્માણની પ્રગતિની વાત કરીએ તો સ્ટેશનના કોનકોર્સ, ટ્રેક અને પ્લેટફોર્મ સ્તરે સ્લેબ કાસ્ટિંગનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. હાલમાં સ્ટ્રક્ચરલ સ્ટીલ ઈરેકશનનું કામ ચાલી રહ્યું છે.